એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ-હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ-હરાજી કરવા માગે છે. અમે અત્રે કોલ્હાપુર ટાઈમ્સ અને કોલ્હાપુર કેસરીમાં તારીખ 23-4-2024ના રોજ પ્રસિદ્ધ કરેલી અમારી લિલામીની સૂચના પાછી ખેંચી રહ્યા છીએ.

ઋણદાર અને સહ-ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (રૂમાં)	30.08.2024 ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. ગોપાલભાઈ મથુરભાઈ જિંજાળા 2. માનુભાઈ એમ. જિંજાળા	સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામું: દુકાન નં. 201, બીજો માળ, જેનું માપ 39.84 ચો. મી. કાર્પેટ એરીયા અને 42.30 ચો. મી. બિલ્ટ-અપ એરીયા થવા જાય છે, જેની સાથે 'એમ્પોરિયા બિઝનેસ હબ'માં 23.48 ચો. મી.નો અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 142, બ્લોક નં. 215, ટી. પી. સ્કીમ નં. 62 (ડિંડોલી-ભેસ્તાન-ભેડવાડ), ઓરિજિનલ પ્લોટ નં. 19, ફાઈનલ પ્લોટ નં. 19, મોજે ડિંડોલી, સુરત શહેર ખાતે આવેલ છે.	H126580807210323 53/ H126580807210254 33/ SRTHL200 00060	30 જૂન, 2024	રૂ. 1,81,431.30	રૂ. 33,77,277.69	રૂ. 18,14,313	તમામ ચાલું દિવસે અગાઉ એપોઈન્ટમેન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી	25.09.2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી

સીમાઓ		
	પૂર્વે	બ્લોક નં. 213 ધરાવતી જમીન
	પશ્ચિમે	ખુલ્લો રોડ
	ઉત્તરે	બ્લોક નં. 214 ધરાવતી જમીન
	દક્ષિણે	ખુલ્લો રોડ

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ-હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ-હરાજી માધ્યમ થકી સાર્ફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ-હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ-હરાજી ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ 24/09/2024 ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ-હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ-હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે 25/09/2024 ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ-લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, 26/09/2024 ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **"નામ – દિલીપ મિશ્રા , સંપર્ક નં. 7575021496, એલ&ટી ફાઈનાન્સ લિ., ઈલો કોમર્ડ કોમ્પ્લેક્સ, 3જો માળ, 306થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસ: 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098."** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ-હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/રદ કરી શકે છે અથવા ઈ-હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ-હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તારીખે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ-હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ-ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

તારીખઃ 31.08.2024
સ્થળઃ સુરત

વી.બી.શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમરોલીમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

જનાદેશ પ્રતિનિધિ, સુરત : જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ(અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ(ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સઅમરોલીબી.બી.એ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કોલેજ કેમ્પસમાં તા. ૩૦-૦૮-૨૦૨૪નાં રોજ યોજાયો હતો કાર્યક્રમની

શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી તરીકે પદ્મશ્રી યઝદી કરંજિયાતેમજ પ્રો.ડો.મનીષ વી. સીધપુરિયા((Professor & HOD, D.B.I.M., VNSGU),, જીવનજ્યોતટ્રસ્ટનાપ્રમુખશ્રી ભરતભાઈ વી. શાહ, શ્રીભાનુભાઈ એન. શાહ, શ્રી અગ્નિભાઈ આર. પટેલ, શ્રી ગૌરાંગભાઈ આર. દેસાઈ, ડો. મહેન્દ્રભાઈ એન. સોલંકી, શ્રી સ્નેહલભાઈ શાહ, અમરોલી ગ્રાન્ટ - ઈન - એડ કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય ડો. સેજલબેન દેસાઈ,છાપરાભઠ્ઠા કેમ્પસ શાળાનાં આચાર્ય શ્રી દિલીપભાઈ પટેલ અને અંજલીબેન જાનીહાજરરહીવિદ્યાર્થીઓનેપ્રોત્ સાહિતકર્યાહતા.આચાર્ય ડો. મુકેશ આર.ગોયાણી અને બી.બી.એ.ના કો-ઓર્ડીનેટરે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગતકરી મહેમાનોપરિચયઆપ્યોહતો.

વડોદરા વિભાગમાં ઓગસ્ટ માસ માટે નિવૃત્તિ કાર્યક્રમનું આયોજન

જનાદેશ પ્રતિનિધિ, વડોદરા : પ્રતાપનગર ઓડિટોરિયમ ખાતે કર્મચારી વિભાગ દ્વારા વડોદરા ડિવિઝનનો વર્ષ ૨૦૨૪ નો આઠમો નિવૃત્તિ કાર્યક્રમ સફળતાપૂર્વક અને ઉત્સાહપૂર્વક યોજાયો હતો. જેમાં રેલ્વેના વિવિધ વિભાગોમાંથી ૩૨ (૨૬ પુરૂષ + ૦૬ મહિલા) નિવૃત્ત કર્મચારીઓને ડીવીઝનલ રેલ્વે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંઘ દ્વારા એડિશનલ ડીવીઝનલ રેલ્વે મેનેજર શ્રી શિવ ચરણ બૈરવા અને વરિષ્ઠ ડીવીઝનલ પર્સનલ ઓફિસરની મહાનુભાવની

હાજરીમાં પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સુનિલ બિશ્નોઈ અને અન્ય અધિકારીઓને તેમના નિવૃત્તિના દસ્તાવેજો અને સ્મૃતિચિહ્નો અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંઘ દ્વારા ઓગસ્ટ મહિનામાં નિવૃત્ત થયેલા ૩ કર્મચારીઓને ? એક્સીડેન્ટ ફ્રી સર્વિસ એવોર્ડ ? ના પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ૩ રહેમિયતના ધોરણે નિયુક્ત ૦૩ કર્મચારીઓને નિમણૂક પત્રો પણ આપવામાં આવ્યા હતા . આ વખતે, કર્મચારીઓનું મનોબળ વધારવા માટે, આજે પ્રથમ વખત, નિવૃત્તિને કારણે ખાલી જગ્યાઓ સર્જાવાના દિવસે, વડોદરા ડિવિઝન દ્વારા કુલ ૦૮ કર્મચારીઓને પ્રમોશન લેટર્સ આપવામાં આવ્યા હતા (૦૫ ટેક ??? અને ૦૧ ??.????- મેમુ અને ૦૨ ઓએસ) પણ આપવામાં આવ્યા હતા જેમાં ૦૪ કર્મચારીઓનો પ્રોબેશન

અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંસાધન વિકાસ વિભાગનાં સંયુક્ત પ્રયાસ દ્વારા

ઝોટેરો સોફ્ટવેર વિષય પર સંદર્ભ સુચી તૈયાર કરવા માટેનો એક કાર્યક્રમ યોજાયો

જનાદેશ પ્રતિનિધિ, સુરત : તારીખ-૩૦/૦૮/૨૦૨૪ રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંસ્થિત અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંસાધન વિકાસ વિભાગનાં સંયુક્ત પ્રયાસ દ્વારા એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યશાળા સંદર્ભ સૂચી તૈયાર કરવા માટેનાં એક વિકલ્પ ઝોટેરો સોફ્ટવેર વિષય પર આયોજિત કરવામાં આવ્યો હતો. આકાર્યશાળાનુ આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગનાં કોમ્પ્યુટર લેબમાં કરવામાં આવ્યું હતું. પ્રસ્તુતકાર્યશાળામાં મુખ્ય અતિથી તરીકે કુલસચિવશ્રી રમેશદાન ગઢવી, માનવ સંસાધન વિભાગનાં વડા ડો. ડી.જી.ઠાકોર અને મુખ્ય વક્તા તરીકે માનવ સંસાધન વિકાસવિભાગનાં ડો.ભાવેશ વાનપરીયાઉપસ્થિત રહ્યા હતા. તથા અર્થશાસ્ત્ર વિભાગનાંઅધ્યાપક ડો.યોગેશ વાંસિયા, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાંઅને અર્થશાસ્ત્ર વિભાગનાંપ્રધ્યાપકગણ અને વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યશાળાની શરૂઆત ડો.યોગેશ એન.વાંસિયા દ્વારા ડો.ભાવેશ વાનપરીયાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો અને પ્રસ્તુત કાર્યશાળા વિષયનાં સંદર્ભમાં પૂર્વભૂમિકા રજુ કરવામાં આવી. ત્યારબાદકુલસચિવશ્રી રમેશદાન ગઢવી, માનવ સંસાધન વિભાગનાં વડા ડો. ડી.જી.ઠાકોર અનેમુખ્ય વક્તા ડો.ભાવેશ વાનપરીયા તથા વિદ્યાર્થીમિત્રો અને પ્રાધ્યાપકગણનું ડો.યોગેશ વાંસિયા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.કાર્યશાળાની શરૂઆતમાં કુલસચિવશ્રી રમેશદાન ગઢવી,માનવ સંસાધન વિભાગનાં વડા ડો. ડી.જી.ઠાકોરઅને મુખ્ય વક્તા ડો.ભાવેશ વાનપરીયાને સ્મૃતિભેટ સ્વરૂપે યુનિવર્સિટી ખેંસ અને પુસ્તક આપીને આવકારવામાં આવ્યા હતા. પ્રસ્તુતકાર્યશાળાનાં સંદર્ભમાં માનનીય કુલસચિવશ્રી રમેશદાન ગઢવીદ્વારા પોતાનું વક્તવ્ય રજુ કરવામાં આવ્યું જેમાં આ પ્રકારનાંકાર્યશાળાનું આયોજન ભવિષ્યમાં પણ કરતા રહેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને કાર્યક્રમનની સફળતા માટે શુભેચ્છા આપી હતી.

ત્યારબાદડો.ડી.જી ઠાકોર સાહેબ દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની અગત્યતા અને સંશોધનમાં તેના ઉપયોગ વિશે ચર્ચા કરી હતી.ત્યારબાદમુખ્ય વક્તા ડો.ભાવેશ વાનપરીયા જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનવ સંસાધન વિભાગમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ પૂરી પડે છે, તેમણે પ્રસ્તુત સોફ્ટવેર ZOTERO નાં સંદર્ભમાં જાણકારી આપી ત્યારબાદ ZOTERO સોફ્ટવેર ઈન્સ્ટોલ કેવી રીતે કરી શકાય,તેનો ઉપયોગ કઈ રીતે કરવો ક્યાં કરવો ZOTERO માં સંદર્ભ કઈ રીતે ઉમેરવા,જો કોઈ લેખની નકલ એક થી વધુ હોઈ તો તેને કઈ રીતે દુર કરવી વગેરે પ્રેક્ટીકલ દ્વારા શીખવવામાં આવ્યું હતું.ડો.ભાવેશ વાનપરીયાદ્વારા વિવિધ સંદર્ભ વ્યવસ્થાપન શૈલી AAA, APA, NLM,ACS, AMA, IEEE, OSCOLA, VANCOUNVER, MLA વગેરેવિશે ચર્ચા કરી હતી. ZOTEROનો ઉપયોગ સંશોધન કાર્યમાં કઈરીતે સરળતાથી કરી શકાય તે અંગે પણ ચર્ચા કરી હતી. પ્રસ્તુત કાર્યશાળામાં ZOTERO વિષે દરેક બાબત ઝીણવટપૂર્વક સરળતાથી પ્રેક્ટીકલ દ્વારા શીખવવામાં આવ્યું હતું. પ્રસ્તુતકાર્યશાળા નો લાભ કુલ ૯૪ જેટલા વિદ્યાર્થી અને પ્રાધ્યાપકોએલીધો હતો અને તેના માટે પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા.કાર્યશાળાનાં અંતે ડો.યોગેશ એન.વાંસિયા દ્વારા યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી ડો.કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડો.રમેશદાન ગઢવી, ડો.ડી.જી. ઠાકોર, ડો.ગૌરાંગ ડી.રામી તથા વિદ્યાર્થીઓ જે પ્રસ્તુત કાર્યશાળામાં જોડાયા તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સંપૂર્ણકાર્યશાળા સંચાલન ડો.યોગેશ એન.વાંસિયા તથા ડો.મનીષ આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યશાળાનાં આયોજન અને સફળતા માટે કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડા દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનને જન કલ્યાણ માટે સન્માનિત કરવામા આવ્યુ

જનાદેશ પ્રતિનિધિ, સુરત : સુરત, ૩૦ ઓગષ્ટ ૨૦૨૪:- સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજના દિવ્ય માર્ગદર્શન હેઠળ નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન ને સમાજ કલ્યાણર્થ વિવાંતા હોટલ, દ્વારકા, દિલ્હી માં આયોજિત C.S.R. શિખર પરિષદની ૧૧મી આવૃત્તિના એવોર્ડ સમારોહમાં, U.B.S. ફોરમ દ્વારા વર્ષના સૌથી પ્રભાવશાળી N.G.O. રૂપે સન્માનિત કરવામાં આવ્યું. આ અવસર પર સન્માનિત પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે સંત નિરંકારી મંડળના સચિવ પરમ આદરણીય શ્રી જોગીન્દર સુખીજા ઉપસ્થિત રહ્યા હતા જેમણે આ ગૌરવશાળી સન્માન પ્રાપ્ત કરતી વખતે જણાવ્યું હતું કે સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનને આવા અનેક વિશિષ્ટ પુરસ્કારો, વિભિન્ન સામાજિક અને ધર્માર્થ પ્રયાસો માટે કરવામાં આવી રહેલા પ્રભાવશાળી કાર્યને પ્રકાશિત કરી છીએ જે સત્ગુરુ માતા જી અને નિરંકારી રાજપિતા જીના અનમોલ અને પ્રેરણાદાયક શિક્ષાનું સુંદર પરિણામ છે. નિઃસંદેહ આ ક્ષણ આપણા બધા માટે ગર્વની ક્ષણ છે. દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓન્કાર સિંહ જી જણાવ્યું કે સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન સમાજના દરેક ક્ષેત્રમાં ખાસ કરીને કલ્યાણકારી પરિયોજના ક્રિયાન્વિત કરી પોતાની સકારાત્મક ભૂમિકા ભજવી રહ્યું છે જેમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને પર્યાવરણ સંરક્ષણ વિશેષ છે. આ કાર્યક્રમ અંતર્ગત S.N.C.F. ના સ્વયંસેવકો દ્વારા એક ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે માધ્યમ થી મિશન દ્વારા કરવામાં આવેલા વિભિન્ન પ્રભાવશાળી કાર્યોને પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

રેડિયો ચેનલના સંયુક્ત ઉપક્રમે કોલેજ કે ટશનબાઝ સ્પર્ધા યોજાઇ

જનાદેશ પ્રતિનિધિ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ અને ૯૫ રેડ એફએમ રેડિયો ચેનલ, સુરતના સંયુક્ત ઉપક્રમે આજે તા:૨૯/૦૮/૨૪ ના રોજ યુનિવર્સિટીના પ્રાર્થના ખંડ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે થી બપોરે ૦૧:૦૦ વાગ્યા દરમિયાન કોલેજ કે ટશનબાઝ -૨૦૨૪ નામે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ એન ચાવડા અને યુનિવર્સિટીના કુલ સચિવ શ્રી ડો. રમેશદાન ગઢવીની પ્રેરણાથી અને પત્રકારત્વ વિભાગના વડા ડો. ભરત ઠાકોરની રાહબારીમાં યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટીના વિભિન્ન વિભાગોના બસો કરતાં પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં કુલ સાત શ્રેણીઓ રાખવામાં આવી હતી. આ શ્રેણીઓમાં એકલ ગાયન, મ્યુઝિક બેન્ડ, એકલ નૃત્ય, સમૂહ નૃત્ય, એકલવાદ્ય, વાદ્ય બેન્ડ અને અન્ય શ્રેણી એમ કુલ સાત શ્રેણીઓનો સમાવેશ થતો હતો. સ્પર્ધામાં કુલ ૧૫ પ્રતિસ્પર્ધીઓએ ભાગીદારી નોંધાવી હતી. તેમના પ્રદર્શનના અંતે નિર્ણાયક એવા ૯૫ રેડ એફએમ રેડિયો ચેનલ, સુરતના રેડિયો જોકી શ્રી ઉત્સવ રાવલે વિજેતાઓના નામ જાહેર કર્યા હતા.

ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિના ભાગરૂપે નેશનલ સ્પોર્ટસ ડેનું આયોજન કરાયું

જનાદેશ પ્રતિનિધિ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ક્રિડા ભારતી ગુજરાત પ્રાંત, સુરતનાં સંયુકત ઉપક્રમે વિશ્વવિદ્યાલયના કન્વેનશન હોલ ખાતે ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિના ભાગરૂપે ?નેશનલ સ્પોર્ટસ ડે?નું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમનાં ઉદઘાટન પ્રસંગે માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબશ્રી, ક્રીડા ભારતી, સુરતનાં મુખ્યમંત્રીશ્રી મનોજભાઈ સાવલિયા, યુ.ક. અને શા.શિ.વિભાગના ઓ.એસ.ડી. ડો. પ્રકાશચંદ્ર પી. પટેલ હાજર રહ્યા હતા. માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદ્બોધન આપ્યુ હતું. યુ.ક. અને શા.શિ. વિભાગના ઓ.એસ.ડી. ડો. પ્રકાશચંદ્ર પી. પટેલ દ્વારા મહેમાનો

અને ભાગ લેનાર ખેલાડીઆનું શાબ્દિક સ્વાગત અને આભારવિધિ કરવામાં આવી હતી. નેશનલ સ્પોર્ટસ ડે નિમિતે વોલીબોલ, સ્વીમીંગ, દોડ અને લાંબી કૂદ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. કાર્યકમમાં સ્પર્ધકો, ઓફિસરો, વાલીઓ તથા નિમંત્રિતમહેમાનો સાથે આશરે ૫૦૦ની સંખ્યા થઈ હતી. સ્પર્ધા પૂર્ણ થતાં વિજેતા થનાર ખેલાડીઓને ટ્રોફી અને સર્ટીફીકેટ આપવામાં આવ્યાં હતાં. ભાગ લેનાર તથા વિજેતા થયેલ તમામ ખેલાડીઓને માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડો. રમેશદાન સી. ગઢવી તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ અને ભવિષ્યમાં પર ઉત્તરોતર પ્રગતિ કરે એવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

નામ બદલેલ છે
મારૂ જુનુ નામ વાનાણી વિશાલકુમાર ઘનશ્યામભાઈ હતું તે બદલીને નવું નામ વાનાણી વિશાલ ઘનશ્યામભાઈ રાખેલ છે. જેની સર્વોએ નોંધ લેવી.
લિ. વાનાણી વિશાલ ઘનશ્યામભાઈ
સરનામું : ૧૨, દત્તકૃપા સોસાયટી, ગજેરા સર્કલ પાસે, કતારગામ, સુરત, ગુજરાત – ૩૯૫૦૦૪

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **આરતીબેન મયુર દૂધવાલા** હતું જે નામ બદલીને નવું નામ **આરતીબેન મયૂરકુમાર દૂધવાલા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: આરતીબેન મયૂરકુમાર દૂધવાલા
સરનામું : ૨૦૫/૩, અંબિકા નિકેતન, અંબાજી મંદીર પાસે, પાર્લે પોઈન્ટ, સુરત- ૩૯૫૦૦૭

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મયુર જયંતભાઈ દૂધવાલા** હતું જે નામ બદલીને નવું નામ **મયૂરકુમાર જયંતભાઈ દૂધવાલા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: મયૂરકુમાર જયંતભાઈ દૂધવાલા
સરનામું : ૨૦૫/૩, અંબિકા નિકેતન, અંબાજી મંદીર પાસે, પાર્લે પોઈન્ટ, સુરત- ૩૯૫૦૦૭

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **વસંતબેન પોપટભાઈ વાસાણી** હતું જે નામ બદલીને નવું નામ **વનિતાબેન પોપટભાઈ વાસાણી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: વનિતાબેન પોપટભાઈ વાસાણી
સરનામું : ૧૭૨, માધવપાર્ક સોસાયટી, ઉત્રાણ રેલ્વે સ્ટેશન સામે, ઉત્રાણ, સુરત- ૩૯૪૧૦૫

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **વશીમખાન રહીશખાન કાદરી** હતું જે નામ બદલીને નવું નામ **વસીમખાન રઈસખાન કાદરી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: વસીમખાન રઈસખાન કાદરી
સરનામું : ૪૧૩, શાલીમાર પાર્ક સોસયટી, ઉન, સુરત-૩૯૪૨૧૦

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મુહમ્મદ અતાઉલ્લાહ આસ્પાકભાઈ ઘાંચી** હતું જે નામ બદલીને નવું નામ **મહમદ આતાઉલ્લા આસ્પાકભાઈ તેલી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: મહમદ આતાઉલ્લા આસ્પાકભાઈ તેલી
સરનામું : ઘર નં.૪૫/૫, ટ્વીન સીટી-૭, જામે-એ-મદ્રેસા પાસે, મરોલી-વેસ્મા રોડ, ડાભેલ, નવસારી, ગુજરાત-૩૯૬૪૧૫.